RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા MSME ફેસિલીટેશન કાઉન્સીલની ઝોન વાઈઝ કરાયેલ રચનામાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમોના બાયર પાસે ફસાયેલ નાણાંની રીકવરી માટેની જે ડીલે પેમેન્ટની મીકેનીઝમ છે તેમાં ઉધોગકારોને ગાંધીનગર સુધી જવું પડે છે તેમજ આ કાઉન્સીલમાં જજમેન્ટ આવવામાં પણ ઘણો સમય લાગે છે. તેમજ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી આવી એક ડીલે પેમેન્ટની કાઉન્સીલની વ્યવસ્થા રાજકોટ ખાતે કરવી જેથી કરીને ઉધોગકારોને ગાંધીનગર સુધી ધકકા ન ખાવા પડે તેમજ નાણાં તથા સમયનો વ્યય ન થાય તે બાબતે રાજય સરકાર સમક્ષ તથા સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટીની મિટીંગમાં રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતનો સ્વીકાર થયેલ છે અને રાજય સરકારના ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા રાજયમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત અને ભાવનગર ખાતે માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમો માટે MSME ફેસિલિટેશન કાઉન્સીલની ઝોન વાઈઝ રચના કરવામાં આવેલ છે અને રાજકોટ ઝોનમાં અધિક કલેકટરશ્રીના ચેરમેન પદે કાઉન્સીલની રચના કરી મેમ્બર તરીકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, લીડ ડિસ્ટ્રીકટ મેનેજર, ડિસ્ટ્રીકટ ગર્વમેન્ટ પ્લેડર, અને જીલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજરનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ સહિત દેવભુમિ દ્વારકા, જામનગર, જુનાગઢ, કચ્છ, મોરબી અને પોરબંદર જીલ્લાને આવરી લેવામાં આવેલ છે. આ કાઉન્સીલ થકી માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમોના ૫૦ લાખ સુધીના બાયર પાસે ફસાયેલ નાણાંની રીકવરી માટેના કેસોનો અહિંથી જ નિકાલ થઈ જશે અને ગાંધીનગર સુધી ધકકા ખાવા નહી પડે માત્ર ૫૦ લાખથી વધારેના કેસો માટે જ ગાંધીનગર ખાતે અપ્લાય કરવાની રહેશે. આ કાઉન્સીલની રચના થવાથી રાજકોટ સહિત અન્ય જીલ્લાના ઉધોગકારોને ઝડપી ન્યાય મળશે. સાથો સાથ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી, ઉધોગમંત્રીશ્રી બળવંતસિહ રાજપુતજીનો સહદય આભાર વ્યકત કરવામાં આવેલ છે. વધુમાં રાજકોટના માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમોને આ અંગે કોઈ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.